





શીતળા સાતમ ભારતીય સંસ્કૃતિમાં પર્વો પ્રસંગોને વૈજ્ઞાનિક અભિગમથી સાંકળી દીધા છે. મનની શાંતિ, તનની શાંતિ અને જીવનમાં ટાઢક માટે શીતળા માતાજીની પૂજા અને પ્રાર્થના થાય છે. ભગવાન શ્રીકૃષ્ણના અવતરણના પૂર્વે મનને ઠંડુ કરવાનું પર્વ એટલે શીતળા સાતમ.. આવેશ, આવેગ અને ઉશ્કેરાટમાંથી મુક્તિ મેળવવા શીતળા સાતમનું વ્રત કરાય છે. દિવસ દરમ્યાન ગરમ ખાવા પીવાનું નહીં, ચુલો પ્રગટાવવાનો નહીં અને માટીમાંથી બનાવેલી શીતળા માતાજીની મૂર્તિની પૂજા કરીને મહિલાઓ આ વ્રત કરે છે. ગુરૂવારે વહેલી સવારથી શીતળા માતાજીની પૂજા માટે શહેરની મહિલાઓ ઉમટી હતી.

# ગાંધીનગરનો ઉજ્જવલસિંહ પ્રો-કબડ્ડી લીગનો પહેલો ગુજરાતી ખેલાડી બનશે

## ગુજરાત જાયન્ટ ટીમ દ્વારા રૂ.૧૦ લાખમાં ખરીદાયો : તેની ફેવરિટ પોઝિશન "ડીફેન્ડર-લેફ્ટ કવર" તરીકે પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરશે

ગાંધીનગર, તા.૧૮

ક્રિકેટમાં આઈપીએલની જબરદસ્ત સફળતાં પછી આજકાલ દરેક રમતના પ્રોફેશનલ વર્ઝન શરૂ થઈ ગયાં છે જેમાં ફુટબોલ, બેડમિન્ટન, કબડ્ડી અને છેલ્લે હવે ખો-ખો જેવી રમત પણ આ તર્જ પર રમાઈ રહી છે. જોકે ક્રિકેટ બાદ કબડ્ડીનું પ્રોફેશનલ વર્ઝન પ્રો-કબડ્ડી કદાચ સૌથી વધુ લોકપ્રિય રહ્યું છે અને ટૂંક સમયમાં જ તેની નવમી સીઝન રમાવા જઈ રહી છે. જોકે પ્રો-કબડ્ડીમાં રમી રહેલી ગુજરાત જાયન્ટ્સ ટીમમાં અત્યાર સુધી તમામ ખેલાડીઓ ગુજરાત બહારના જ પસંદગી પામતાં હતાં પરંતુ હવે આ મ્હેણું ગાંધીનગરનો જ યુવા ખેલાડી ભાંગશે. ગત તા.૫ અને ૬ ઓગસ્ટ દરમ્યાન મુંબઈ ખાતે યોજાયેલી ઓક્શનમાં ગાંધીનગરના માત્ર ૨૦ વયના ઉજ્જવલસિંહને ગુજરાત જાયન્ટ ટીમ દ્વારા રૂ.૧૦ લાખમાં ખરીદવામાં આવ્યો છે. તેમની પસંદગી ગુજરાત જાયન્ટ્સ ટીમના કોચ રામ મેહર દ્વારા ભારતના વરિષ્ઠ કબડ્ડી કોચ જયવીર શર્માની હાજરીમાં કરવામાં આવી હતી. બાળપણથી ક્રિકેટ અને કબડ્ડીની રમતમાં લગાવ ધરાવવા સાથે છેલ્લાં પાંચ વર્ષથી કબડ્ડીમાં કારકિર્દી ઘડવા તાલીમ મેળવી ગાંધીનગરની ટીમ વતી રાજ્ય કક્ષા સુધી રમીને ૨ ગોલ્ડ અને બે સિલ્વર સાથે કુલ ૬ મેડલ્સ મેળવનાર ઉજ્જવલસિંહ એકવાર પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો ખિતાબ પણ જીતી ચુક્યો છે. ઉજ્જવલસિંહે તેનું પ્રાથમિક શિક્ષણ પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય અને માધ્યમિક શિક્ષણ સરગાસણ ખાતે ઈન્ફોસિટી સ્કૂલમાંથી મેળવ્યું છે અને હાલ તે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ - એનઆઈઓએસમાંથી આર્ટ્સમાં ધો.૧૨નો અભ્યાસ કરી રહ્યો છે. ઉજ્જવલસિંહ ગુજરાત જાયન્ટને વિજેતા બનાવવા ટીમમાં તેની ફેવરિટ પોઝિશન "ડીફેન્ડર-લેફ્ટ કવર" તરીકે પોતાનું શ્રેષ્ઠ પ્રદાન આપીને કબડ્ડીમાં ગાંધીનગર-ગુજરાતનું નામ રોશન કરશે. ઉજ્જવલસિંહે જણાવ્યું હતું કે "વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતમાં ખેલ મહાકુંભ શરૂ કરાવીને ગુજરાતના ખેલાડીઓ આગળ આવે તેવું સ્વપ્ન સેવ્યુ હતું, મને આનંદ છે કે હું તેમનું સ્વપ્ન સાર્થક થવામાં સામેલ થઈશ. મારું લક્ષ્ય પ્રો-કબડ્ડીમાં ગુજરાત જાયન્ટ્સ બે વાર ફાઈનલમાં આવી હતી પણ ટાઈટલ જીતી શકી નથી તેથી તેનું લક્ષ્ય પોતાનું સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ આપીને ટીમને ચેમ્પિયન બનાવવા પર રહેશે." હરિયાણા સ્ટીલર્સના સુરેન્દર નાડા અને તમિલ થલાઈવાના અજય ઠાકુર તેના ફેવરિટ ખેલાડી છે.

### ઘરમાં સૌથી નાના ઉજ્જવલના પિતા વીવીઆઇ સુરક્ષાના કમાન્ડો



પ્રો-કબડ્ડી લીગમાં ગુજરાતમાંથી સૌ પ્રથમ પસંદગી પામનાર ગાંધીનગરનો એક માત્ર યુવા ખેલાડી ઉજ્જવલ સિંહ પેથાપુરનો રહેવાસી છે અને તેના પિતા નન્હેકુમાર સિંહ વીવીઆઈ સુરક્ષાના કમાન્ડો છે, તેની માતા રીટા સિંહ ગૃહિણી છે અને તેની મોટી બે બહેનો પૈકી સૌથી મોટી બહેન ડો.નિધિ સિંહ ડેન્ટિસ્ટ છે અને તે માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહી છે. બીજા નંબરની બહેન તાન્યા પછી ઉજ્જવલસિંહ ઘરમાં સૌથી નાનો અને લાડકો છે.




### ગાંધીનગરની ટીમ વતી બે ગોલ્ડ સાથે કુલ પાંચ મેડલ્સ મેળવ્યાં છે

ઉજ્જવલસિંહ ગાંધીનગરના સે.૧૫માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ તાલીમ કેન્દ્ર ખાતે ૨૦૧૭થી "પે એન્ડ પ્લે" સ્કિમ અંતર્ગત ભારતના વરિષ્ઠ કબડ્ડી કોચ જયવીર શર્મા પાસે તાલીમ મેળવી રહ્યો છે અને આ ઉપરાંત તે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત વતી ગાંધીનગરની ટીમમાંથી રમતો હોવાથી એસએજીના કોચ કિરણ પટેલ પાસે કોચિંગ મેળવી રહ્યો છે. આ સાથે જ યુઝર્સને દરરોજ સવારે સે.૨૮માં સમર્પણ ગ્રાઉન્ડ ખાતે તેની કબડ્ડીની પ્રેક્ટિસ કરે છે જ્યાં તે સ્પોર્ટ્સ ટીચર મહેન્દ્ર મોડિયા પાસે તાલીમ મેળવે છે. ઉજ્જવલસિંહે ગાંધીનગર ટીમ વતી રમતાં રાજ્ય કક્ષા સુધી રમીને ૨ ગોલ્ડ અને બે સિલ્વર સાથે કુલ ૬ મેડલ્સ મેળવનાર ઉજ્જવલસિંહ એકવાર પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો ખિતાબ પણ જીતી ચુક્યો છે.

# શહેર-જિલ્લામાં નવા ૧૬ કેસ : ૧૬ દર્દી રિકવર થયા

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૧ અને કલોલમાં ૨ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૨૭, ૨૯, વાવોલ, રાયસણ, પેથાપુર, સરગાસણ, રાંદેસણ, આઈઆઈટી અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસ મેળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ પર્વોને લઈ સ્થિર થયુ છે. શહેરમાં આજે વધુ ૯ કેસ કોરોનાના અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેસ નવા નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોના ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. શહેર-જિલ્લામાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા હોવાથી સઘન સર્વેલન્સ અને વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા પર તંત્રએ ભાર મુક્યો છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ પણ ઝડપથી સુધરી રહ્યો છે અને ૯૪ ટકાને પાર થયો છે. આજે શહેર-જિલ્લામાં નવા ૧૬ કેસ અને ૧૬ દર્દીઓ રિકવર થયા છે. એક સરખા આંક યોગાનુ યોગ છે. શહેરમાં ૧૦ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. પર્વોના અને ઉત્સવોના દિવસો હોવાથી ટેસ્ટીંગનું પ્રમાણ ઘટી ગયુ છે. જો કે વેક્સિનેશન અભિયાનમાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ હજારથી વધુ અને શહેરમાં ૩૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ બે દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૭ કેસ નોંધાયા છે. જેમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૧ અને કલોલમાં ૨ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. દહેગામમાં આજે નોંધાયેલા કેસોમાં ૪એ મહિલા દર્દી છે. તાલુકાના અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તાલુકાના દેવ.ના મુવાડા, વાસણાની મુવાડી, ઈસનપુર ડોડિયા અને લવાડમાંથી કેસો મળ્યા છે. લવાડમાં મહિલા દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી તેણીનીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં જમીયતપુરા ગામેથી એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં હાજીપુર અને મોટી ભોંયણ ગામેથી કેસો મળી આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૭ કેસ પૈકી ૬ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસો સાથે ૯૬ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૯ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ કેસ પુરૂષ દર્દીના છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે જ્યારે બાકીના ૮ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે.

શહેરમાં આજે રાંદેસણમાં ૬૨ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સઘન સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસો છુટા છવાયા નોંધાયા હોવાથી તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

શહેરમાં આજે સે. ૨૭, ૨૯, વાવોલ, રાયસણ, પેથાપુર, સરગાસણ, રાંદેસણ, આઈઆઈટી અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મેળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે ૧૧૦ જેટલા દર્દી હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# કેડી હોસ્પિટલ, અમદાવાદ દ્વારા ફેફસાને લગતા રોગ તેમજ ફેફસા ટ્રાન્સપ્લાન્ટ ક્લિનિકનો શુભારંભ

વિશ્વભરમાં શ્વાસના રોગો સામાન્ય છે આ રોગો વારંવાર થાય છે પણ બિન સંક્રમણક્ષમ છે, કમનસીબે આ રોગો પર અન્ય રોગ જેવા કે હૃદય, કેન્સર વગેરેના પ્રમાણમાં ઓછું ધ્યાન અપાય છે. પરંતુ ભારતમાં શ્વાસના રોગોનું પ્રમાણ વધતા હવે મહત્વપૂર્ણ પગલાં લેવા જરૂરી બન્યા છે.

કેમ કે પલ્મોનરી મેડીસીનના ક્ષેત્રે ઉત્કૃષ્ટતા કેન્દ્રની તાતી જરૂરિયાત છે અમદાવાદની કુસુમ ધીરજલાલ (કેડી) હોસ્પિટલમાં ફેફસાના અંતિમ તબક્કાના રોગની સારવાર માટે સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ટ્રીટમેન્ટ પ્રોગ્રામ શરુ કરવાની છે. બુધવાર ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ આના ઉદ્ઘાટન પ્રસંગે પ્રખ્યાત હૃદય અને ફેફસાના રોગોના નિષ્ણાતો હાજર રહેશે. કેડી હોસ્પિટલના વરિષ્ટ કન્સલ્ટન્ટ ઈન્ટરવેનશનલ પલ્મોનોલોજીસ્ટ તથા ફેફસા ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાત ડો. મુકેશ પટેલ કહે છે " અંતિમ તબક્કામાં ફેફસાના રોગો માટે ફેફસા ટ્રાન્સપ્લાન્ટ એક ચોક્કસ સારવાર વિકલ્પ છે. દર્દીઓને લાંબું અને સ્વસ્થ જીવન જીવવા માટે આધુનિક ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્ર સ્થાપિત કરવાનું મહત્વપૂર્ણ છે. ભારતમાં શ્વાસના રોગોનું પ્રમાણ વધતું જાય છે તેના માટે આપણે બધાએ ભેગા મળીને પ્રયાસ કરવા પડશે.'' ડો. હરજીત ડુમરા, કેડી હોસ્પિટલના વરિષ્ઠ કન્સલ્ટન્ટ પલ્મોનોલોજિસ્ટ અને ક્રિટિકલ કેર ના જણાવ્યા અનુસાર ''વિશ્વભરમાં અંતિમ તબક્કાના શ્વાસના રોગો દર્દીઓ માટે બહુ મુશ્કેલ છે - પરિવારના સભ્યો અને તબીબો માટે ઘણા દર્દીઓ પથારીવસ થઈ જાય છે, ઓક્સિજન લેવું પડે છે અને જીવન સાથે સમાધાન કરીને જીવવું પડતું હોય છે. આવી સ્થિતિમાં ફેફસાના ટ્રાન્સપ્લાન્ટ જ ચોક્કસ પુરવાર થયેલ થેરાપી છે." ડો. સંદીપ અટ્ટાવાર, ચેર અને ડાયરેક્ટર થોરાસિક ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ અને આસીસ્ટન્ટ ડિવાઈસ, KIMS ઈન્સ્ટિટ્યૂટ ફોર હાર્ટ અને લંગ ટ્રાન્સપ્લાટેશન. કેડી હોસ્પિટલના મેનેજીંગ ડાયરેક્ટર ડો. અદિત દેસાઈના જણાવ્યા મુજબ "કેડી હોસ્પિટલ માં અંતિમ તબક્કાના ફેફસાના રોગના ક્લિનિકમાં લાંબા સમયથી ફેફસાના રોગથી પીડાતા દર્દીઓને સૌથી અદ્યતન, વ્યાપક સારવાર અને આવા રોગો માટે પોસાય તેવા ભાવે નિષ્ણાતો દ્વારા સારવાર આપીશું.

કેડી હોસ્પિટલ અને KIMS હોસ્પિટલ, હૈદરાબાદ ગુજરાતનું સૌથી આધુનિક ફેફસા ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ સ્થાપિત કરવા સાથે જોડાણ કર્યું છે."

# અદાણી ગેસ તરફથી સીએનજીના ભાવમાં ૩.૪૮ રૂપિયાનો ઘટાડો કરાયો

## ઘટાડા બાદ નવો ભાવ ૮૩.૯૦ રૂપિયા

અમદાવાદ,તા.૧૮

પેટ્રોલ-ડીઝલ બાદ સીએનજીના ભાવ પણ આસમાને પહોંચી ગયા હતા. છેલ્લા થોડા સમયથી સીએનજીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ અમુક રાજ્યોમાં સીએનજીના ભાવમાં ઘટાડો થયો હતો. ગુજરાતની વાત કરવામાં આવે તો અદાણી ગેસ તરફથી સીએનજીના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. અદાણી ગેસ તરફથી ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૩.૪૮ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં એક કિલોગ્રામ ગેસનો ભાવ ૮૭.૩૮ રૂપિયા હતો. અદાણી ગેસ ભાવમાં ઘટાડો કર્યા બાદ નવો ભાવ ૮૩.૯૦ રૂપિયા થયો છે. એટલે કે ભાવમાં ૩.૪૮ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મુંબઈની મહાનગર ગેસ લિમિટેડ કંપનીએ મોંઘવારીથી પીડાતા લોકોને રાહત આપતો નિર્ણય કર્યો છે. કંપની તરફથી સીએનજીના ભાવમાં એક સાથે ૭ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સીએનજીના ભાવમાં એક જ વર્ષમાં તોતિંગ વધારો થયો છે. એક અંદાજ પ્રમાણે વર્ષ પહેલા એક કિલોગ્રામ સીએનજીની કિંમત ૫૬ રૂપિયા હતી. હાલ ભાવ વધીને ૮૬ રૂપિયા સુધી પહોંચી ગયો છે. અમુક જગ્યાએ કિંમત ૮૬ રૂપિયાથી પણ વધી ગઈ છે. પેટ્રોલ અને ડીઝલની સરખામણીમાં સીએનજીથી ચાલતા વાહનો પર્યાવરણને ઓછું નુકસાન પહોંચાડે છે. બીજી તરફ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારા બાદ લોકો સીએનજી વાહન તરફ વળ્યા હતા.

# ખોરજ પાસે મેઈનહોલનુ ભંગાણની પેચીદી સમસ્યાનો હજુ નિકાલ થયો નથી

## શહેરના માર્ગો પર ભુવા પડવાનો સિલસિલો યથાવત ઘ - ૪ ના અન્ડર પાસમાં પણ પ્રથમ એપ્રોચમાં પોલાણ થયુ : અન્ડર પાસમાં ગટરના દુષિત પાણીના ભરાવાના લીધે દુર્ગંધ

ગાંધીનગર તા ૧૮

ખોરજ પાસે ગટર લાઈનના મેઈનહોલમાં ભંગાણની સમસ્યા સર્જાય બાદ લાઈનમાં સતત પાણી ભરવાના લીધે શહેરના માર્ગો પર ભુવો પડવાનો સિલસિલો યથાવત છે. ખોરજ પાસે સર્જાયેલી સમસ્યાનુ મુળ શોધવામાં હજુ તંત્રને કાંઇ સાંધો મળતો નથી. એકતરફ લાઈનમાં પણ લીકેજીસ હોવાના લીધે પાણી ભરાય છે જેથી માર્ગો પર રોજબરોજ નતનવા ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. જયારે શહેરનો અન્ડર પાસ પણ આ સ્થિતિ વચ્ચે પ્રભાવિત છે. વરસાદી પાણી સાથે અન્ડર પાસમાં પણ ગટર લાઈનનુ દુષિત પાણી ભરાતા દુર્ગંધ ફેલાતી હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે.

ખોરજ પાસે ગટર લાઈનના મેઈનહોલમાં ગાબડુ પડવાના લીધે ઠેર ઠેર માર્ગો પર ભુવાઓ અસ્તિત્વમાં આવી રહ્યા છે. મેઈનહોલના રીપરીંગનુ કામ પણ હજુ સુધી પુરી કરી શકાયુ નથી અલબત્ત સમસ્યા યથાવત હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આ સ્થિત વચ્ચે શહેરના મુખ્યમાર્ગો સહીતના રસ્તાઓ પર રોજબરોજ નતનવા ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. ખોરજ પાસે ગટર લાઈનના મુખ્ય મેઈનહોલમાં ગાબડુ પડવાની સાથે પાઈપલાઈનમાં પણ લીકેજીસ હોવાનુ મનાઈ રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્રએ આ સમસ્યાને ડામવા માટે કામ પણ હાથ ધર્યુ છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ વરસાદી દિવસોમાં કામગીરી કરવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. જયારે બીજીતરફ લાઈનમાં સતત પાણી ભરાવાની સાથે શહેરના માર્ગો સુધી તેની વિપરિત અસર વર્તાઈ રહી છે. શહેરના રોડ નેટવર્ક પણ ખતરો મંડરાયો છે. વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ઘ-૦ થી ચ-૦ તેમજ સે-૭ ના કોર્નર સહીત છ -૫ પર મોટા મસ ભુવા અસ્તિત્વમાં આવતા તંત્ર દ્વારા ત્વરિત બુલડોઝર ના આધારે ગાબડા પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ વરસાદી દિવસો ચાલુ છે. ત્યારે શહેરમાં આ સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં અન્ય ઠેકાણે પણ ગાબડા અસ્તિત્વમાં આવે તો નવાઈની વાત નથી ત્યારે શહેરના મુખ્ય ઘ માર્ગ પર સ્થિત અન્ડર પાસના એપ્રોચ પાસે પણ સ્લેબ બેસી ગયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરના મુખ્ય માર્ગ પર નિર્માણ કરાયેલો અન્ડર પાસ બનો ત્યારથી જ વિવાદમાં છે. વરસાદી દિવસોની શરૂઆતમાં અન્ડર પાસની ગ્રીલ તુટવા સહીત રસ્તા પર વરસાદી પાણીના ભરાવાની સમસ્યાથી પણ વાહનચાલકો અટવાઈ પડે છે. જયારે અન્ડર પાસ પાસેની ગટર લાઈનમાં પણ ખામી છે. જેના લીધે હાલ વરસાદી પાણીના ભરાવાની સાથે ગટરનુ દુષિત પાણી પણ ઉમેરાતા આ વિસ્તારમાં દુર્ગંધ પ્રવર્તી છે. જયારે ખોરજ પાસે સર્જાયેલી સમસ્યાના લીધે શહેરના માર્ગો પર ગાબડા પડવાનો સિલસિલો યથાવત છે. ત્યારે અન્ડર પાસમાં પણ સ્લેબનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. હાલ આ રૂટમાંથી પસાર થતા વાહનચાલકો પણ આંચકો ખાય છે. જો કે અન્ડર પાસમાં આ કામગીરી કરવી હોય તો એક સપ્તાહ સુધી આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર બંધ કરવી પડે તેમ છે. ત્યારે શહેરના માર્ગો પર ગાબડા પડવાની સમસ્યાનુ મુળ ખોરજના મેઈનહોલનુ ભંગાણ હોવાથી તંત્રની ટીમ આ માટે પણ કામે લાગી છે. જો કે હજુ સુધી આ કામગીરી પુર્ણ થઈ નથી મેઈનહોલની સાથે ગટરની લાઈનમાં પણ લીકેજ કે ભંગાણ થયુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે સમસ્યાનુ મુળ શોધવા માટે પણ હજુ તંત્ર અભ્યાસુ તબક્કામાં હોવાનુ સુત્રો જણાંવી રહ્યા છે.

### બે કાંઠે વહે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છોડવાનું ઓછું થતાં લાકરોડા બેરેજમાંથી પણ પાણી છોડવાનું ઓછું કરાયું છે. સાંજે ૬.૦૦ વાગ્યે લાકરોડા બેરેજમાંથી ૪૭,૩૬૬ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે, એટલે સંત સરોવરમાં આવતા પાણીની આવક પણ ઓછી થઈ છે.

ગાંધીનગરના સંત સરોવરમાં પાણીનો આવરો વધતા ગુરુવારે પરોઢે ૫.૦૦ વાગ્યાથી સંત સરોવરના તમામ ૨૧ દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા અને પાણી ફ્રી ફ્લોથી વાસણા બેરેજ તરફ છોડવામાં આવ્યું હતું. પાણીનો આવરો ઓછો થતાં સાંજે ૬.૦૦ વાગ્યે સંત સરોવરના ૭ દરવાજા બંધ કરવામાં આવ્યા છે. બાકીના ૧૪ દરવાજા ત્રણ ફૂટ જેટલા ખોલીને ૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે. આ રીતે સંત સરોવરમાં જળ સપાટી જાળવી રાખવામાં આવશે એટલે સાબરમતી નદી હજુ પણ બે કાંઠે વહેશે.

નદીમાં પાણીની સપાટી ઊંચી રહેવાથી નાગરિકોને સલામતીના કારણોસર નદી કાંઠાથી દૂર રહેવાની તાકીદ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ અધિકારીઓ-કર્મચારીઓને હેડ ક્વાર્ટર નહીં છોડવા આદેશો કરવામાં આવ્યા છે. સાબરમતી, મેશ્વો, ખારી અને વાત્રક નદી ગાંધીનગર જિલ્લામાં થઈને વહે છે. ઉપરવાસના જિલ્લાઓમાં ભારે વરસાદ અને જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી ક્યાંય પૂરની પરિસ્થિતિ સર્જાય તો જાનમાલને નુકસાન ન થાય તે માટે સાવચેત રહેવા અને આગોતરા પગલાં તરીકે જિલ્લાના તમામ અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ મંજૂર નહીં કરવાના પણ આદેશો આપવામાં આવ્યા છે.

### બિનકાશ્મીરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાર યાદીમાં નામ સામેલ કરાવીને મતદાન કરી શકે છે. હદેશ કુમારે જણાવ્યું કે જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ દૂર કર્યા પછી પહેલીવાર મતદાર યાદીમાં વિશેષ સંશોધન થઈ રહ્યું છે. એવામાં આશા છે કે આ વખતે મોટાપાયે ફેરફાર થશે. એટલું જ નહીં ત્રણ વર્ષમાં મોટી સંખ્યામાં યુવાઓ ૧૮ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના થઈ ગયા છે. તેમણે જણાવ્યું કે ૧૫ સપ્ટેમ્બરથી મતદાર યાદીમાં નામ સામેલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તે ૨૫ ઓક્ટોબર સુધી ચાલશે. જોકે ૧૦ નવેમ્બર સુધી દાવા અને આપત્તિઓનો ઉકેલ કરવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં ૧૮ વર્ષથી વધારે ઉંમરના લગભગ ૯૮ લાખ લોકો છે. જ્યારે અંતિમ મતદાર યાદી પ્રમાણે મતદાન કરનારા મતદારોની સંખ્યા ૭૬ લાખ છે.

### બોટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. મહારાષ્ટ્ર અને મુંબઈમાં સમુદ્રના રસ્તે આતંકવાદી હુમલાના એલર્ટ અવારનવાર આવતા રહે છે. તેવામાં બોટમાંથી હથિયાર મળવાની ઘટનાને સામાન્ય માની શકાય તેમ નથી.

આ કોઈ મોટા આતંકવાદી હુમલાની તૈયારી છે કે કેમ તેની પણ પોલીસ હાલ તપાસ કરી રહી છે. સમગ્ર મહારાષ્ટ્રમાં આવતીકાલે જનમાષ્ટમી નિમિતે દહીંહાંડીનું ઠેર-ઠેર આયોજન કરાયું છે, જેમાં મોટી જનમેદની ઉમટી પડે છે. આ ઉપરાંત, ગણેશ ચતુર્થી પણ નજીકમાં છે. તેવામાં ૭૨૦ કિલોમીટર લાંબી સમુદ્ર સીમા ધરાવતા મહારાષ્ટ્રમાં કોઈ આતંકવાદી હુમલાને અંજામ આપવાની તૈયારી ચાલી રહી છે કે કેમ તેવી આશંકાએ સુરક્ષા એજન્સીઓની ઉંઘ ઉડાવી દીધી છે.

એનસીપીના નેતા અને રાયગઢના ધારાસભ્ય અદિતિ તટકરેના જણાવ્યા અનુસાર, જિલ્લાના હરિહરેશ્વર અને હરરકોટ ગામ નજીક આ બોટ મળી આવી છે. પોલીસને તેમાંથી કેટલાક દસ્તાવેજ પણ મળ્યા છે. તેમણે માગ કરી છે કે આ મામલાની તપાસ માટે જરુર પડે તો કેન્દ્રિય એજન્સીઓની મદદ પણ લેવી જોઈએ. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, બોટ બિનવારસી હાલતમાં મળી આવી છે. એક બોટ હરિહરેશ્વર બીચ પરથી જ્યારે બીજી લાઈફબોટ ભરાડખોલમાંથી મળી છે. બોટમાં કોઈ વ્યક્તિની હાજરી નથી જણાઈ. આ મામલે કોસ્ટ ગાર્ડ અને મહારાષ્ટ્ર મેરીટાઈમ બોર્ડને પણ જાણ કરાઈ છે.

### વિરોધ પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસકેએમના આહવાન પર લખમીપુર ખીરી જઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, અમે ત્યાં ૭૨ કલાક ચાલનારા વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈશું.

બીકેયુના મહાસચિવ સુખદેવ સિંહ કોકરીલાંએ કહ્યું હતું કે, મહિલાઓ સહિત લગભગ ૨,૦૦૦ ખેડૂતો વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઉત્તર પ્રદેશ જવા રવાના થયા છે. બીકેયુના અધ્યક્ષ મનજીત સિંહ રાયે કહ્યું હતું કે, પંજાબના ૧૦,૦૦૦ ખેડૂતો ખેડૂત વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે.